જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૧૫/૧૧/૨૦૨૩   બુધવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૮૬૨/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૭ કેસ કરી, ૬ વ્યક્તિઓને ઝડપી, ૧૮ લીટર દેશી દારૂ કબજે કર્યો હતો.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૮૬૩/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## આત્મહત્યાઃ- સમાચાર યાદી નં.૧૮૬૪/૨૦૨૩

ગુજરાત યુનિવર્સિટીઃ અમી વા/ઓ દર્શકભાઇ બોસમીયા (ઉ.વ.૪૪) (રહે. સેંટેરીયન ગ્લોરી ૯ ગીરીરાજ કોલોની પંચવટી બીજી લાઇન આંબાવાડી) એ અગમ્ય કારણસર તા.૧૩/૧૧/૨૦૨૩ રાતના ૯/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ગુજરાત યુનિવર્સિટી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એ.આર.ચૌધરી ચલાવે છે.

**ગોમતીપુરઃ** મંજુલાબહેન વા/ઓ નિલકંઠ સોમકુંવર (ઉ.વ.૬૨) (રહે.બાલાભાઇ છગનભાઇની ચાલી વિવેકાનંદ મીલ પાસે ગોમતીપુર) એ બિમારીથી કંટાળી તા.૧૪/૧૧/૨૦૨૩ સવારના ૬/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે છતમાં લગાવેલ પાઇપ સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ગોમતીપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.કે.પટેલ ચલાવે છે.

**વટવાઃ** નીલમદેવી વા/ઓ ચન્દ્રશેખર પ્રજાપતિ (ઉ.વ.૩૨) (રહે. મદ્રાસીની ચાલી સામે બચુભાઇનો કુવો વટવા) એ ગંભીર બિમારીથી કંટાળી તા.૧૪/૧૧/૨૦૨૩ સાંજના ૬/૩૦ વાગ્યાના સુમારે પોતાના રહેણાંક ખાતે લોખંડની પાઇપ સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પોસઈ.શ્રી એચ.પી.પટેલ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી